# તમારું બાળક બીજા કરતાં સહેજે ઊતરતું નથી

## લર્નિંગ ડિસ્એબિલિટી સમસ્યાની સમજ આપતી શાળા



ત્રણથી બાર ધોરણની શાળામાં માત્ર ત્રીસ વિદ્યાર્થી અને પાંચ-છ શિક્ષક હોય એ દૃશ્ય પછાત ગામમાં જોવા મળે. ઉપરાંત વૈશ્વિકરણમાં તો સ્કૂલો વિદ્યાર્થીઓથી ઊભરાવા માંડી, પણ મેગા સિટી અમદાવાદને અડીને આવેલા બોપલની નાલંદા નામની સ્કૂલનું વાતાવરણ જરા જુદું છે, કારણ કે આ અસામાન્ય વિદ્યાર્થીઓની અસામાન્ય પ્રવૃત્તિ કરતી સ્કૂલ છે. દેખાવ અને રંગરૂપમાં એકદમ સામાન્ય લાગતાં બાળકો ઊંધું કે ભૂલભરેલું લખે, લખેલી-જોયેલી-સાંભળેલી વાતને બોલવામાં ભૂલ કરે, અભ્યાસના ચોક્કસ વિષયમાં નબળાં હોય એવી માનસિક ક્ષતિ ધરાવે છે.

તબીબી ભાષામાં આ ખામીને લર્નિંગ *ડિસ્એબિલિટી* (એલ.ડી.) કહે છે. *ડિસ્લેક્સિયા* નામે ઓળખાતી આ ખામીવાળાં બાળકો જો કે મંદબુદ્ધિનાં કે પાગલ નથી હોતાં. આ કોઈ રોગ નથી એટલે તેનો કોઈ તબીબી ઇલાજ પણ નથી એ વાત પણ દરેક મા-બાપે સમજી લેવા જેવી છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન, એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ, વોલ્ટ ડિઝની, વિન્સ્ટન ચર્ચિલ, વગેરે મહાન હસ્તીઓ બાળપણમાં આ ખામી ધરાવતી હતી. વિશ્વમાં બાળકોની કુલ વસતિના વીસેક ટકા બાળકમાં આ ખામી હોવાનો અંદાજ છે. ભારતમાં પણ આવાં લાખો બાળક છે, પરંતુ સામાજિક ડર અને ક્ષતિ વિશેની સમજના અભાવને કારણે આવા બાળકને આપણે અલગ તારવી શકતા નથી. કોઈ પણ કુટુંબના બાળકને આ સમસ્યા હોઈ શકે છે, પણ એક તારણ મુજબ લર્નિંગ ડિફિકલ્ટીસની આ સમસ્યા છોકરી કરતાં છોકરાઓમાં આઠગણી વધારે હોય છે.

ગુજરાતમાં જો કે બે વર્ષથી બોપલ ગામમાં *દિલ્હી પબ્લિક સ્કૂલના* કેમ્પસમાં નાલંદા નામથી એલ.ડી. બાળકોની ત્રણથી બાર ધોરણની શાળા ચાલે છે. વિશ્વના ૧૨ દેશમાં ૧૦૦થી વધુ શાળા ધરાવતી ડીપીએસની ફ્રેન્ચાઈઝી અમદાવાદના કેલોરેક્સ ફાઉન્ડેશને મેળવીને *ડીપીએસ* તથા *ડીપીએસ* નાલંદા શરૂ કરી છે. મુંબઈની જાણીતી નાલંદા ઈન્સ્ટિટ્યૂટના સહયોગથી શરૂ થયેલી *ડીપીએસ* નાલંદામાં બાળકોને બુદ્ધિશક્તિ ઉપરાંત સાઈકો-એજ્યુકેશન ટેસ્ટના પરિણામના આધારે પ્રવેશ આપવામાં આવે છે, જેમાં વાંચન-લેખનક્ષમતા, ડિક્ટેશન મુજબ લખવાની, દૃશ્યને ગ્રહણ કરી રજૂઆતની આવડત, સામાન્ય જ્ઞાન, વગેરેની ચકાસણી થાય છે. બાળકની શારીરિક અને માનસિક વયની જાણકારીના આધારે તથા ચોક્કસ ક્ષતિ કે વિષયની ખામીના આધારે અભ્યાસની પદ્ધતિ નક્કી થાય છે.

સ્કૂલની ખાસિયત એ છે કે અહીં અભ્યાસ કરી રહેલા ત્રીસેય વિદ્યાર્થીને એમની જરૂરિયાત મુજબની અલગ અલગ પદ્ધતિથી ભણાવવામાં આવે છે. આ બાળકોને સામાન્ય અંગ્રેજી પાઠ્યપુસ્તકોથી શિક્ષણ આપવામાં આવે છે. વિશિષ્ટ તાલીમ મેળવેલી શિક્ષિકાઓ સમરાઈઝ (પાઠને ટૂંકાવીને ભણાવવો), કન્સેપ્ટ (વિષયની સમજ આપવા માટે જે પદ્ધતિથી બાળક જલદી સમજે તેનો જ ઉપયોગ કરીને ભણાવવું), પ્રોજેક્ટ (ચોક્કસ વિષયના ચાર્ટ, રમકડાં, વગેરે દ્વારા રજૂઆત) જેવી પદ્ધતિ દ્વારા બાળકને વ્યક્તિગત ધોરણે શીખવે છે. એની પાઠશક્તિ-ગ્રહણશક્તિ સતેજ બનાવવા દરેક સવાલ-જવાબ જુદા રંગના ચોકથી લખાય છે. નાલંદાના આચાર્ય સુનીલભાઈ ત્રિવેદીના કહેવા મુજબ બે વિદ્યાર્થીએ સ્વતંત્ર ધંધો સ્થાપવા જાણીતા ઉદ્યોગગૃહમાંથી માહિતી મેળવીને આવક-ખર્ચનું અંદાજપત્ર સ્વમેળે બનાવ્યું હતું.

એ જ રીતે આ બાળકોનાં શિક્ષણ માટે વિદેશથી મેળવેલી પૂરક સાહિત્ય સામગ્રીનો ઉપયોગ પણ થાય છે. આ બાળકો લેખનમાં વધુ સમય લેતાં હોવાથી પરીક્ષામાં વધુ સમય આપવામાં આવે છે.

નાલંદાના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર નૂતનબહેન કાસલીવાલ કહે છે કે આવા વિદ્યાર્થીની ખામીને અનુરૂપ શિક્ષણ આપવાની સાથોસાથ એના રસના વિષયમાં પ્રોત્સાહન આપવાથી આત્મવિશ્વાસ વધે છે. આ બાળકો બીજા ક્ષેત્રમાં નિપુણ હોઈ શકે છે. એ લોકો બીજા કરતાં સહેજે ઊતરતાં નથી.

આ શાળાની વિશિષ્ટતા કહીએ તો આઠમા ધોરણમાં માત્ર એક જ વિદ્યાર્થી ભણે છે અને બે સગાં ભાઈ-બહેન પણ ભણે છે. આવી નિરાળી અને અસરકારક શિક્ષણપદ્ધતિના લીધે નાલંદાના વિદ્યાર્થીઓ ડીપીએસના વિદ્યાર્થીઓ સાથે રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં વિજેતા પણ થયા છે. ૧૪ વર્ષીય તૃષ્ણા જીનવાલા કાવ્યસ્પર્ધામાં પ્રથમ વિજેતા બની હતી. સાહિલ ચાવલા નામનો એક વિદ્યાર્થી બાસ્કેટ બૉલની રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લઈ ચૂક્યો છે. અમદાવાદના એડ્વોકેટ મિત્રેશ પટેલના જોડિયા પુત્ર કૌશલ અને કુશલ સાથે ભણતા હતા. કુશલ હંમેશાં કૌશલ પર આધાર રાખતો હતો. એમણે છેલ્લાં બે વર્ષથી કુશલને નાલંદામાં મૂક્યો છે અને આજે એ કૌશલની બરોબરી કરતો થઈ ગયો છે. અમદાવાદના મનોચિકિત્સક ડૉ. હંસલ ભચેચ કહે છે કે પાઠશક્તિ અને બુદ્ધિશક્તિમાં કોઈ કમી ન ધરાવતાં આવાં બાળકને અભ્યાસમાં કે ચોક્કસ વિષયમાં કે લેખન-વાંચનમાં નબળાં સમજીને કે ઠોઠ ગણીને મા-બાપ મારે છે પછી ટ્યુશન કરાવીને હોશિયાર બનાવવાનો નિરર્થક પ્રયત્ન કરે છે.

નૂતનબહેન કહે છે કે આ બાળકોના શિક્ષણ માટે શિક્ષક જેટલો ઉત્સાહ અને ગંભીરતા મોટા ભાગના વાલીમાં જોવા મળતાં નથી. દરેક મા-બાપને પોતાનું જ સંતાન વધુ વહાલું હોય છે, પણ બાળકના યોગ્ય વિકાસ અને પ્રગતિ ક્યારેક આ વહાલને કારણે રૂંધાય નહીં એનું પણ મા-બાપે ધ્યાન રાખવું જોઈએ.



બાળકની ખામીને ધ્યાનમાં રાખીને એને ભણાવવામાં આવે તો એ કોઈ પણ વિષયમાં પારંગત થઈ શકે છે.

◆ **મહેશ શાહ** *(અમદાવાદ)*